# ૨૪ જુલાઇ – ૨૦૧૬ (રવિવાર)

**(૧) કાંતીભાઇ આર.દેસાઇ**

- ગુજરાત ક્રિકેટ એસોસીએશનના ઉપપ્રમુખ,વલસાડ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસો. ના માનદ સેક્રેટરી કાંતીભાઇ દેસાઇનું અવસાન.
- તેઓએ વલસાડમાં બલસાર ડિસ્ટ્રીક્ટ એસોસીએશનની વર્ષ ૧૯૬૮માં સ્થાપન કરી હતી તથા સરદાર પટેલ સ્ટેડીયમનું નિર્માણ કરવામાં પણ સિંહફાળો આપ્યો હતો.
- તેઓ ભૂતપૂર્વ રણજી ક્રિકેટર હતા.
- તેમના રમત–ગમત, શિક્ષણ અને આરોગ્ય સહિતની સેવાકીય પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ઠ યોગદાન બદલ વર્ષ ૨૦૦૫માં તત્કાલીન ગવર્નરના હસ્તે વલસાડ ગૌરવનો એવોર્ડ એનાયત થયો હતો.
- કાકાના હુલમણા નામથી ઓળખાતા કે.આર. દેસાઇ ક્રિકેટના પિતામહ ગણાતા હતા.

**(૨) સૈયદ હૈદર રઝા : ચિત્રકાર**

- બિન્દુ ચિત્ર શૈલીના વિખ્યાત ચિત્રકાર સૈયદ રઝાનું તાજેતરમાં અવસાન.
- જન્મ : ૨૨ ફેબ્રુઆરી ૧૯૨૨– મધ્યપ્રદેશ
- એબસ્ટ્રેક્ટ આર્ટ બનાવનાર રઝા પોતાની બિંદુ શૈલી માટે દુનિયાભરમાં જાણીતા છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ક્રિકેટના પિતામહ ગણાતા કયાં ગુજરાતીનું અવસાન થયું ?
- કાંતીભાઇ આર.દેસાઇ

(૨) કે.આર. દેસાઇને કયાં વર્ષમાં વલસાડ ગૌરવરત્ન એવોર્ડ એનાયત થયો હતો ?
- ૨૦૦૫

(૩) સૈયદ હૈદર રઝાનું કાર્યક્ષેત્ર જણાવો.
- ચિત્રકાર

(૪) સૈયદ રઝાનો જન્મ કયાં રાજયમાં થયો હતો ?
- મધ્યપ્રદેશ

(૫) સૈયદ રઝા કઇ શૈલીના ચિત્ર માટે દુનિયાભરમાં જાણીતા હતા ?
- બિન્દુ ચિત્ર શૈલી

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧